GJAR040004332026

**મે. મેઘરજના એડી. ચીફ જ્યુડીશીયલ મેજિસ્ટ્રેટ(એચ.એમ.પરમાર) સાહેબશ્રીની કોર્ટ, મુ.મેઘરજ.**

**ફોજદારી કેસ નં. ૩૬૮/૨૦૨૬**
**આંક.**

**ફરીયાદી : શ્રી સરકાર**

**વિરૂધ્ધ**

**આરોપી : શનાભાઈ વાઘાભાઈ ડામોર,**
**રહે. બાંઠીવાડા અજુનાહિરોલા , તા. મેઘરજ, જી. અરવલ્લી.**

**–:: હુકમ ::–**

૧. આ કામના ફરિયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ પ્રોહીબીશન એકટની **કલમ–૬૫ એએ** ના શીક્ષાને પાત્ર ગુનો કરેલ છે જે અંગે તપાસ કરી તપાસ કરનાર અમલદારે ગુના અંગેનું ચાર્જશીટ રજુ કરેલ છે.

૨. આરોપી કોર્ટમાં હાજર થયેલ છે. આરોપી ને ફોજદારી કાર્યરીતી સંહિતાની જોગવાઈઓ મુજબ જરુરી કાગળોની નકલો વીના મુલ્યે આપી તેમની સામેનો આક્ષેપીત ગુનો વાંચી સંભળાવી સમજાવી તેની સામે તહોમતનામુ ફરમાવી પ્લી રેકર્ડ કરતા આરોપીએ ગુનાનો સ્વૈચ્છીક સ્વીકાર કરેલ છે.

૩. આરોપીએ ગુના અંગેની કબુલાત પુરસીસ રજુ કરેલ છે તે વાંચી સંભળાવતા તેઓએ સમજણપુર્વક ગુનાની કબુલાત કરેલ છે. આરોપીએ તેની રજુઆત કરતા જણાવેલ છે કે, તેઓનો પ્રથમ વખતનો ગુનો છે. તેઓ ગરીબ માણસ છે અને કુટુંબમાં એકમાત્ર કમારનાર વ્યકિત છે અને હવે પછી આવો ગુનો ફરી વખત નહિ કરવાની ખાત્રી આપેલ છે. આરોપીને તેના ગુના બદલ વધુમાં વધુ કેટલી સજા થઈ શકે છે તે અંગેની સમજણ આપવા છતા તેઓ પોતાની કબુલાતને વળગી રહેતા હોઈ, આરોપીની આ કબુલાત સ્વૈચ્છીક નહિ હોવાનું માનવાને કોઈ કારણ રહેતુ નથી.

૪. કેસની હકીકતો, આરોપીના આર્થીક સંજોગો, તેની સ્વૈચ્છીક કબુલાત તેમજ ના.ગુજરાત હાઈકોર્ટના ગુજરાત રાજય વિરૂધ્ધ નટવર હરજીચંદજી જી.એલ.આર. ૨૦૦૫ (૧) પાના નં. ૭૦૯ના ચુકાદામાં આપેલ સમજુતી મુજબ આરોપીને કાયદામાં જણાવેલ સજા કરતા ઓછી સજા કરવામાં આવે તો ન્યાયનો હેતુ સચવાય તેમ જણાય છે અને તે સંજોગોમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## હુકમ

આ કામના આરોપી ને **બી.એન.એસ.એસ.કલમ–૨૬૪** અન્વયે પ્રોહીબીશન એકટની કલમ – ૬૫ એ એ અન્વયે ગુના સબબ દોષી ઠરાવી રૂા.૩૦૦/– (અંકે રુપીયા ત્રણસો પુરા) નો દંડ કરવામાં આવે છે અને દંડ ના ભરે તો દિન–૩ ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

આરોપીના અગાઉ રજુ કરેલ જામીનખત તથા જાતમુચરકા બી.એન.એસ.એસ કલમ– ૪૮૧ હેઠળ છ માસ પુરતા ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

પ્રોહી મુદ્દામાલનો અપીલ સમય વિત્યા બાદ નિયમોનુસાર નિકાલ કરવો.

હુકમ આજ રોજ તારીખ – ૧૪/૦૩/૨૦૨૬ ના રોજ નેશનલ લોકઅદાલત સ્પેશીયલ સીં ટીગમા વાંચી સંભળાવી સહી તથા સીકકો કરી જાહેર કર્યો.

મેઘરજ.
તા. ૧૪/૦૩/૨૦૨૬

**(એચ.એમ.પરમાર)**
**એડી. ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ**
**મેઘરજ**
**કોડ નં. જી.જે.૦૧૨૭૬**

દંડની રકમ રૂા. ૩૦૦ /– (અંકે રુપીયા ત્રણસો પુરા)

પાવતી નં. થી જમા લીધા.

તા. ૧૪/૦૩/૨૦૨૬

એ/કા નાઝીર